**Signature and Name of Invigilator**

1. (Signature) ____________________

   (Name) ____________________

2. (Signature) ____________________

   (Name) ____________________

**OMR Sheet No. :** ..........................................

(To be filled by the Candidate)

**Roll No.** | | | | | | | | |

(In figures as per admission card)

**Roll No.** ____________________

(In words)

**D 3 7 1 5**

# PAPER - II
# GUJARATI

**Time : 1¼ hours]** **[Maximum Marks : 100**

Number of Pages in this Booklet : **12** | Number of Questions in this Booklet : **50**

## Instructions for the Candidates

1. Write your roll number in the space provided on the top of this page.
2. This paper consists of fifty multiple-choice type of questions.
3. At the commencement of examination, the question booklet will be given to you. In the first 5 minutes, you are requested to open the booklet and compulsorily examine it as below :
   (i) To have access to the Question Booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker-seal and do not accept an open booklet.
   (ii) **Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of 5 minutes. Afterwards, neither the Question Booklet will be replaced nor any extra time will be given.**
   (iii) After this verification is over, the Test Booklet Number should be entered on the OMR Sheet and the OMR Sheet Number should be entered on this Test Booklet.
4. Each item has four alternative responses marked (1), (2), (3) and (4). You have to darken the circle as indicated below on the correct response against each item.

   **Example :** ① ② ● ④ where (3) is the correct response.
5. Your responses to the items are to be indicated in the **OMR Sheet given inside the Booklet only.** If you mark your response at any place other than in the circle in the OMR Sheet, it will not be evaluated.
6. Read instructions given inside carefully.
7. Rough Work is to be done in the end of this booklet.
8. If you write your Name, Roll Number, Phone Number or put any mark on any part of the OMR Sheet, except for the space allotted for the relevant entries, which may disclose your identity, or use abusive language or employ any other unfair means, such as change of response by scratching or using white fluid, you will render yourself liable to disqualification.
9. You have to return the original OMR Sheet to the invigilators at the end of the examination compulsorily and must not carry it with you outside the Examination Hall. You are however, allowed to carry original question booklet and duplicate copy of OMR Sheet on conclusion of examination.
10. **Use only Blue/Black Ball point pen.**
11. **Use of any calculator or log table etc., is prohibited.**
12. **There are no negative marks for incorrect answers.**

## परीक्षार्थियों के लिए निर्देश

1. इस पृष्ठ के ऊपर नियत स्थान पर अपना रोल नम्बर लिखिए।
2. इस प्रश्न-पत्र में पचास बहुविकल्पीय प्रश्न हैं।
3. परीक्षा प्रारम्भ होने पर, प्रश्न-पुस्तिका आपको दे दी जायेगी। पहले पाँच मिनट आपको प्रश्न-पुस्तिका खोलने तथा उसकी निम्नलिखित जाँच के लिए दिये जायेंगे, जिसकी जाँच आपको अवश्य करनी है :
   (i) प्रश्न-पुस्तिका खोलने के लिए पुस्तिका पर लगी कागज की सील को फाड़ लें। खुली हुई या बिना स्टीकर-सील की पुस्तिका स्वीकार न करें।
   (ii) **कवर पृष्ठ पर छपे निर्देशानुसार प्रश्न-पुस्तिका के पृष्ठ तथा प्रश्नों की संख्या को अच्छी तरह चैक कर लें कि ये पूरे हैं। दोषपूर्ण पुस्तिका जिनमें पृष्ठ/प्रश्न कम हों या दुबारा आ गये हों या सीरियल में न हों अर्थात किसी भी प्रकार की त्रुटिपूर्ण पुस्तिका स्वीकार न करें तथा उसी समय उसे लौटाकर उसके स्थान पर दूसरी सही प्रश्न-पुस्तिका ले लें। इसके लिए आपको पाँच मिनट दिये जायेंगे। उसके बाद न तो आपकी प्रश्न-पुस्तिका वापस ली जायेगी और न ही आपको अतिरिक्त समय दिया जायेगा।**
   (iii) इस जाँच के बाद प्रश्न-पुस्तिका का नंबर OMR पत्रक पर अंकित करें और OMR पत्रक का नंबर इस प्रश्न-पुस्तिका पर अंकित कर दें।
4. प्रत्येक प्रश्न के लिए चार उत्तर विकल्प (1), (2), (3) तथा (4) दिये गये हैं। आपको सही उत्तर के वृत्त को पेन से भरकर काला करना है जैसा कि नीचे दिखाया गया है।

   **उदाहरण :** ① ② ● ④ जबकि (3) सही उत्तर है।
5. प्रश्नों के उत्तर **केवल प्रश्न पुस्तिका के अन्दर दिये गये OMR पत्रक पर ही** अंकित करने हैं। यदि आप OMR पत्रक पर दिये गये वृत्त के अलावा किसी अन्य स्थान पर उत्तर चिन्हांकित करते हैं, तो उसका मूल्यांकन नहीं होगा।
6. अन्दर दिये गये निर्देशों को ध्यानपूर्वक पढ़ें।
7. कच्चा काम (Rough Work) इस पुस्तिका के अन्तिम पृष्ठ पर करें।
8. यदि आप OMR पत्रक पर नियत स्थान के अलावा अपना नाम, रोल नम्बर, फोन नम्बर या कोई भी ऐसा चिह्न जिससे आपकी पहचान हो सके, अंकित करते हैं अथवा अभद्र भाषा का प्रयोग करते हैं, या कोई अन्य अनुचित साधन का प्रयोग करते हैं, जैसे कि अंकित किये गये उत्तर को मिटाना या सफेद स्याही से बदलना तो परीक्षा के लिये अयोग्य घोषित किये जा सकते हैं।
9. आपको परीक्षा समाप्त होने पर मूल OMR पत्रक निरीक्षक महोदय को लौटाना आवश्यक है और परीक्षा समाप्ति के बाद उसे अपने साथ परीक्षा भवन से बाहर न लेकर जायें। हालांकि आप परीक्षा समाप्ति पर मूल प्रश्न-पुस्तिका तथा OMR पत्रक की डुप्लीकेट प्रति अपने साथ ले जा सकते हैं।
10. **केवल नीले/काले बाल प्वाईंट पेन का ही इस्तेमाल करें।**
11. **किसी भी प्रकार का संगणक (कैलकुलेटर) या लाग टेबल आदि का प्रयोग वर्जित है।**
12. **गलत उत्तरों के लिए कोई नकारात्मक अंक नहीं हैं।**

# GUJARATI
## PAPER - II

**નોંધ :** આ પ્રશ્નપત્રમાં **પચાસ (50)** હેતુલક્ષી પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નના બે **(2)** ગુણ છે. **બધા** પ્રશ્નો ફરજિયાત છે.

**1.** 'ધર્મધમાલફાગ' ના કર્તાનું નામ જણાવો.
(1) રાજહર્ષ (2) કીર્તિરત્નસૂરિ (3) કનકકીર્તિ (4) ધર્મસુંદર

**2.** ભાલણની 'કાદમ્બરી' નો પ્રકાર કયો છે ?
(1) પ્રબંધ (2) પદ્યવાર્તા (3) પદમાલા (4) આખ્યાન

**3.** નીચેનામાંથી કઈ કૃતિ શ્રીધર વ્યાસની છે ?
(1) સંદેશક રાસ (2) સદયવત્સચરિત (3) રણમલ્લ છંદ (4) પૃથ્વીચંદ્રચરિત

**4.** નીચેનામાંથી કઈ રચના નરસિંહની નથી ?
(1) ચતુર ચાલીશી (2) ચાતુરી ષોડશી (3) સુરત સંગ્રામ (4) ચાતુરી છત્રીસી

**5.** નીચેનામાંથી કઈ રચના માંડણની છે ?
(1) પ્રબોધ પ્રકાશ (2) પ્રબોધ ચિંતામણિ (3) રુકમાંગદ કથા (4) બભ્રુવાહન આખ્યાન

**6.** 'પાર્વતીકુંવર આખ્યાન' નો સાહિત્યપ્રકાર કયો છે ?
(1) આખ્યાન (2) પદ્યવાર્તા (3) સ્તોત્ર (4) ચરિત્ર

**7.** 'હવે જોવા ચાલ્યું જિગર મુજ સાક્ષાત્ હરિને' પંક્તિના કવિ કોણ છે ?
(1) બાલાશંકર (2) કલાપી (3) નરસિંહરાવ (4) ન્હાનાલાલ

**8.** 'દ્વાર અને દીવાલ' પુસ્તકના સર્જક કોણ છે ?
(1) કુન્દનિકા કાપડિયા (2) પ્રીતિ સેનગુપ્તા (3) ધીરુબહેન પટેલ (4) ગીતા પરીખ

**9.** નીચેનામાંથી કઈ નવલકથા બી. કેશરશિવમ્‌ની નથી ?
(1) શૂળ (2) પત્ની (3) રાતી રાયણની રતાશ (4) મૂળ અને ધૂળ

**10.** કાલાનુક્રમે ગોઠવો :
(i) કુન્તક (ii) રાજશેખર (iii) મમ્મટ (iv) ભોજ
(1) (iv), (ii), (i), (iii) (2) (ii), (i), (iv), (iii) (3) (i), (ii), (iv), (iii) (4) (iii), (iv), (ii), (i)

**11.** કાલાનુક્રમે ગોઠવો :

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| (i) | અભિરુચિ | (ii) | નિરીક્ષા | (iii) | સમસંવેદન | (iv) | કવિની સાધના |
| (1) | (i), (ii), (iii), (iv) | (2) | (ii), (i), (iv), (iii) | (3) | (i), (ii), (iv), (iii) | (4) | (iii), (i), (ii), (iv) |

**12.** કાલાનુક્રમે ગોઠવો :

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| (i) | દ્રૌપદી દર્શન | (ii) | બાળકૃષ્ણ વિજય | (iii) | તુળજીવૈધવ્ય ચિત્ર | (iv) | રામજાનકી દર્શન |
| (1) | (iv), (i), (iii), (ii) | (2) | (ii), (iii), (i), (iv) | (3) | (i), (iii), (iv), (ii) | (4) | (iii), (iv), (i), (ii) |

**13.** કાલાનુક્રમે ગોઠવો :

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| (i) | સૉનેટ | (ii) | કરુણ પ્રશસ્તિ | (iii) | રેખતા | (iv) | હાઈકુ |
| (1) | (ii), (i), (iv), (iii) | (2) | (i), (iv), (iii), (ii) | (3) | (iii), (ii), (i), (iv) | (4) | (iv), (i), (iii), (ii) |

**14.** કાલાનુક્રમે ગોઠવો :

(i) અભિસાર (ii) ઉત્તરા અને અભિમન્યુ

(iii) એભલવાળો (iv) સારસી

(1) (iii), (ii), (i), (iv) (2) (i), (iii), (iv), (ii) (3) (ii), (iv), (iii), (i) (4) (iv), (ii), (i), (iii)

**15.** કાલાનુક્રમે ગોઠવો :

(1) પ્રબોધ પંડિત, ટી. એન. દવે, હરિવલ્લભ ભાયાણી, જયંત કોઠારી

(2) ટી. એન. દવે, હરિવલ્લભ ભાયાણી, પ્રબોધ પંડિત, જયંત કોઠારી

(3) હરિવલ્લભ ભાયાણી, જયંત કોઠારી, ટી. એન. દવે, પ્રબોધ પંડિત

(4) જયંત કોઠારી, પ્રબોધ પંડિત, ટી. એન. દવે, હરિવલ્લભ ભાયાણી

**16.** કાલાનુક્રમે ગોઠવો :

(1) ફકીરો, ઘમ્મરવલોણું, મળેલા જીવ, મનખાવતાર

(2) મળેલા જીવ, મનખાવતાર, ઘમ્મરવલોણું, ફકીરો

(3) મળેલા જીવ, ફકીરો, મનખાવતાર, ઘમ્મરવલોણું

(4) મળેલા જીવ, ઘમ્મરવલોણું, ફકીરો, મનખાવતાર

**17.** કાલાનુક્રમે ગોઠવો :

(1) કથનસપ્તશતી, સોરઠી સંત, ઓખા મંડળની લોકકથા, ભીલોનું ભારથ

(2) સોરઠી સંત, કથનસપ્તશતી, ભીલોનું ભારથ, ઓખા મંડળની લોકકથા

(3) ઓખા મંડળની લોકકથા, ભીલોનું ભારથ, કથનસપ્તશતી, સોરઠી સંત

(4) કથનસપ્તશતી, ઓખા મંડળની લોકકથા, સોરઠી સંત, ભીલોનું ભારથ

**18.** કાલાનુક્રમે ગોઠવો :

(1) ચિત્તક્ષોભ, સમસંવેદન, રહસ્ય, રૂપ
(2) રૂપ, સમસંવેદન, ચિત્તક્ષોભ, રહસ્ય
(3) ચિત્તક્ષોભ, રહસ્ય, સમસંવેદન, રૂપ
(4) સમસંવેદન, રૂપ, રહસ્ય, ચિત્તક્ષોભ

**19.** સર્વથા સુસંગત જૂથ જણાવો :

(1) ઢ : અલ્પપ્રાણ, તાલવ્ય, ઘોષ
(2) ખ : મહાપ્રાણ, કંઠ્ય, અઘોષ
(3) મ : મહાપ્રાણ, દંત્ય, અઘોષ
(4) ષ : અલ્પપ્રાણ, મૂર્ધન્ય, અઘોષ

**20.** સર્વથા સુસંગત જૂથ જણાવો :

(1) સુધારક યુગ : બુદ્ધિપ્રકાશ, ડાંડિયો, સ્ત્રીબોધ, સુદર્શન
(2) પંડિત યુગ : પ્રિયંવદા, વસંત, વર્તમાનપત્ર, જ્ઞાનસુધા
(3) ગાંધીયુગ : વીસમી સદી, દક્ષિણા સમર્પણ, સંસ્કૃતિ
(4) આધુનિક યુગ : સંજ્ઞા, રેખા, ક્ષિતિજ, તથાપિ

**21.** સર્વથા સુસંગત જૂથ જણાવો :

(1) સારૂપ્ય : અગ્નિ, સત્ત, કાગ
(2) વૈરૂપ્ય : કંગન, ગજાનંદ, કાક
(3) લોપ : મા, નેહ, મધુરવ
(4) વર્ણાગમ : પરસાદ, સવાદ, સ્ફોટ

**22.** સર્વથા સુસંગત જૂથ જણાવો :

(1) કર્મધારય : સજ્જન, મહર્ષિ, નીલામ્બર, યથાર્થ
(2) દ્વિગુ : પંચરાત્ર, સપ્તર્ષિ, અચ્છેર, દ્વિગુ
(3) અવ્યયીભાવ : આજીવન, અધોમુખ, રોજરોજ, પ્રતિપળ
(4) બહુવ્રીહિ : ઉષ્ણોદક, તપોધન, શ્વેતાંબર, નાસ્તિક

**23.** સર્વથા વિસંગત જૂથ જણાવો :

(1) શાંતિભાઈ આચાર્ય : ભીલી શબ્દકોશ, ભીલ કથાગીત, હાલારી બોલી
(2) હસુ યાજ્ઞિક : લોકવિદ્યાવિજ્ઞાન, લોકસાહિત્ય વિજ્ઞાન, ગુજરાતી લોકસાહિત્ય
(3) પુષ્કર ચંદરવાકર : રસામૃત, લોકામૃત, લોકવાર્તા
(4) જોરાવરસિંહ જાદવ : લોકજીવનનાં મોતી, લોકસંસ્કૃતિમાં પશુઓ, નવાના કે દિવાળી

**24.** સર્વથા વિસંગત જૂથ જણાવો :

(1) રાત્રિ : શર્વરી, નિશીથ, રજની
(2) કમળ : સરોજ, સારસ, ઉત્પલ
(3) સૂર્ય : ભાણ, મિહિર, હિરણ્ય
(4) ચંદ્ર : હિમાંશુ, વિધુ, સિતાંશુ

25. સર્વથા વિસંગત જૂથ જણાવો :

(1) સુરેશ જોશી : ગૃહપ્રવેશ, અગતિગમન, થીગડું

(2) મધુ રાય : કઉતુક, કાન, મકાન

(3) રાધેશ્યામ શર્મા : પવનપાવડી, વીમો, પડઘા

(4) કિશોર જાદવ : પોલાણનાં પંખી, છદ્મવેશ, રાક્ષસ

26. સર્વથા વિસંગત જૂથ જણાવો :

(1) ચંદ્રકાંત શેઠ : કવિ, વાર્તાકાર, નિબંધકાર

(2) ચંદ્રકાંત  ટોપીવાળા : કવિ, વિવેચક, નાટકકાર

(3) શિરીષ પંચાલ : વિવેચક, વાર્તાકાર, અનુવાદક

(4) સુમન શાહ : વાર્તાકાર, કવિ, નિબંધકાર

27. સર્વથા વિસંગત જૂથ જણાવો :

(1) એકાંકી : કોલબેલ, અતરાપિ, ઝેરવું

(2) કવિતા : લઘરો, તાંદુલ, ઉપજાતિ

(3) પદ્યનાટક : મંથરા, આશંકા, કુબ્જા

(4) નિબંધ : નામરૂપ, નઘરોળ, નંદ સામવેદી

28. નીચેનાં વિધાનોને યથાર્થતાની દષ્ટિએ તપાસો :

**(A)** મનહર અને વનવેલીના મિશ્રણવાળો છંદ ઘનાક્ષરી તરીકે ઓળખાય છે.

**(R)** કોઈપણ બે લઘુ માપવાળા છંદોના મિશ્રણને મિશ્રોપજાતિ તરીકે ઓળખવામાં આવે છે.

(1) **(A)** અને **(R)** બન્ને સાચાં છે.

(2) **(A)** અને **(R)** બન્ને ખોટાં છે.

(3) **(A)** સાચું છે અને **(R)** ખોટું છે.

(4) **(A)** ખોટું છે અને **(R)** સાચું છે.

29. નીચેનાં વિધાનોને યથાર્થતાની દષ્ટિએ તપાસો :

**(A)** સન્ધ્યાક્ષરને જોડાક્ષર કહેવાતા નથી.

**(R)** જોડાક્ષરમાં બે વ્યંજનો વચ્ચે કોઈ સ્વર હોતો નથી.

(1) **(A)** અને **(R)** બન્ને સાચાં છે.

(2) **(A)** અને **(R)** બન્ને ખોટાં છે.

(3) **(A)** સાચું છે અને **(R)** ખોટું છે.

(4) **(A)** ખોટું છે અને **(R)** સાચું છે.

30. નીચેનાં વિધાનોને યથાર્થતાની દષ્ટિએ તપાસો :

(A) વાચિક ધ્વનિ ભાષાના ધ્વનિઘટકો છે.

(R) ડચકારો વાચિક ધ્વનિ છે તેથી ધ્વનિઘટક છે.

(1) (A) અને (R) બન્ને સાચાં છે.
(2) (A) અને (R) બન્ને ખોટાં છે.
(3) (A) સાચું છે અને (R) ખોટું છે.
(4) (A) ખોટું છે અને (R) સાચું છે.

31. નીચેનાં વિધાનોને યથાર્થતાની દષ્ટિએ તપાસો :

(A) સ્વર એ ભાષાનો સૌથી નાનો એકમ છે.

(R) વ્યંજન અન્ય સ્વરધ્વનિની સહાય વિના ઉચ્ચારી શકાય છે.

(1) (A) અને (R) બન્ને સાચાં છે.
(2) (A) અને (R) બન્ને ખોટાં છે.
(3) (A) સાચું છે અને (R) ખોટું છે.
(4) (A) ખોટું છે અને (R) સાચું છે.

32. નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસોઃ

(A) મેઘાણીએ સુંદર લોકગીતો લખ્યાં છે.

(R) મેઘાણીને શૈશવકાળથી લોકગીતો ગાવાનો શોખ હતો.

(1) (A) અને (R) બન્ને સાચાં છે.
(2) (A) અને (R) બન્ને ખોટાં છે.
(3) (A) સાચું છે અને (R) ખોટું છે.
(4) (A) ખોટું છે અને (R) સાચું છે.

33. નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો :

(A) 'ઘોડેસવાર' અલુક તત્પુરૂષ સમાસ છે.

(R) 'ઘોડેસવાર' માં વિભક્તિ પ્રત્યયનો લોપ થયો નથી.

(1) (A) અને (R) બન્ને સાચાં છે.
(2) (A) અને (R) બન્ને ખોટાં છે.
(3) (A) સાચું છે અને (R) ખોટું છે.
(4) (A) ખોટું છે અને (R) સાચું છે.

34. નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો :

(A) એલિયટે 'હેમ્લેટ' ને સારું નાટક ગણાવ્યું હતું.

(R) 'હેમ્લેટ' માં વસ્તુગત સહસંબંધક જોવા મળે છે.

(1) (A) અને (R) બન્ને સાચાં છે.
(2) (A) અને (R) બન્ને ખોટાં છે.
(3) (A) સાચું છે અને (R) ખોટું છે.
(4) (A) ખોટું છે અને (R) સાચું છે.

35. નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો :

**(A)** 'રસપાન કરો, નવ ઢીલ કરો'માં વંશસ્થ છંદ છે.

**(R)** વંશસ્થ છંદમાં બાર અક્ષરો હોય છે.

(1) **(A)** અને **(R)** બન્ને સાચાં છે.
(2) **(A)** અને **(R)** બન્ને ખોટાં છે.
(3) **(A)** સાચું છે અને **(R)** ખોટું છે.
(4) **(A)** ખોટું છે અને **(R)** સાચું છે.

36. નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો :

**(A)** નાકર જાતે આખ્યાનો કહેવા જતા નહોતા.

**(R)** નાકર પાસે સારી કથનશૈલી નહોતી.

(1) **(A)** અને **(R)** બન્ને સાચાં છે.
(2) **(A)** અને **(R)** બન્ને ખોટાં છે.
(3) **(A)** સાચું છે અને **(R)** ખોટું છે.
(4) **(A)** ખોટું છે અને **(R)** સાચું છે.

37. બન્ને યાદીની વિગતો સરખાવીને સાચાં જોડકાં બનાવો :

| | **I** | | **II** |
|---|---|---|---|
| (a) | જલન | (i) | બરકત વીરાણી |
| (b) | બેફામ | (ii) | સુંદરજી બેટાઈ |
| (c) | દ્વૈપાયન | (iii) | જલાલુદ્દીન અલવી |
| (d) | નચિકેત | (iv) | પ્રેમશંકર ભટ્ટ |

| | **(a)** | **(b)** | **(c)** | **(d)** |
|---|---|---|---|---|
| (1) | (ii) | (iii) | (iv) | (i) |
| (2) | (iii) | (i) | (ii) | (iv) |
| (3) | (i) | (iii) | (iv) | (ii) |
| (4) | (iii) | (ii) | (iv) | (i) |

38. બન્ને યાદીની વિગતો સરખાવીને સાચાં જોડકાં બનાવો :

| | **I** | | **II** |
|---|---|---|---|
| (a) | તુર્કી | (i) | જંજાળ |
| (b) | મરાઠી | (ii) | નારંગી |
| (c) | વ્રજ | (iii) | કલગી |
| (d) | પોર્ટુગીઝ | (iv) | દુલારી |

| | **(a)** | **(b)** | **(c)** | **(d)** |
|---|---|---|---|---|
| (1) | (iii) | (i) | (iv) | (ii) |
| (2) | (ii) | (iv) | (i) | (iii) |
| (3) | (iii) | (ii) | (iv) | (i) |
| (4) | (i) | (iii) | (ii) | (iv) |

39. બન્ને યાદીની વિગતો સરખાવીને સાચાં જોડકાં બનાવો :

| | I | | II |
|---|---|---|---|
| (a) | કેખુશરૂ કાબરાજી | (i) | મુદ્રા અને કુલીન |
| (b) | મહેરુ કરાણી | (ii) | લવકુશ |
| (c) | પ્રભુલાલ દ્વિવેદી | (iii) | નેકદિલ |
| (d) | જહાંગીર તાલિયારખાન | (iv) | ગાડાનો બેલ |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (i) | (iii) | (iv) | (ii) |
| (2) | (ii) | (iv) | (i) | (iii) |
| (3) | (iv) | (ii) | (iii) | (i) |
| (4) | (ii) | (iii) | (iv) | (i) |

40. બન્ને યાદીની વિગતો સરખાવીને સાચાં જોડકાં બનાવો :

| | I | | II |
|---|---|---|---|
| (a) | ભેજાખાઉં | (i) | બહુવ્રીહિ |
| (b) | માથાભારે | (ii) | દ્વંદ્વ |
| (c) | અંદરબહાર | (iii) | કર્મધારય |
| (d) | હૈયાસગડી | (iv) | ઉપપદ |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (ii) | (iv) | (i) | (iii) |
| (2) | (iv) | (i) | (ii) | (iii) |
| (3) | (i) | (iv) | (iii) | (ii) |
| (4) | (iv) | (ii) | (iii) | (i) |

41. બન્ને યાદીની વિગતો સરખાવીને સાચાં જોડકાં બનાવો :

| | I | | II |
|---|---|---|---|
| (a) | જગન્નાથ | (i) | કાવ્યકૌતુક |
| (b) | અભિનવગુપ્ત | (ii) | કાવ્યાલંકાર |
| (c) | ભટ્ટ તૌત | (iii) | ભામિનીવિલાસ |
| (d) | રુદ્રટ | (iv) | લોચન |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (iii) | (ii) | (iv) | (i) |
| (2) | (iv) | (iii) | (i) | (ii) |
| (3) | (iii) | (iv) | (i) | (ii) |
| (4) | (i) | (ii) | (iv) | (iii) |

**42.** બન્ને યાદીની વિગતો સરખાવીને સાચાં જોડકાં બનાવો :

| | I | | II |
|---|---|---|---|
| (a) | પ્રભુ તારા બનાવેલા તને આજે બનાવે છે. | (i) | આદિલ |
| (b) | એક તો ઓછી મદિરા છે ને ગળતું જામ છે. | (ii) | બેફામ |
| (c) | નદીની રેતમાં રમતું નગર મળે ન મળે. | (iii) | શયદા |
| (d) | નહીંતર જીવનનો માર્ગ છે ઘરથી કબર સુધી | (iv) | મરીઝ |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (iii) | (iv) | (i) | (ii) |
| (2) | (i) | (iii) | (ii) | (iv) |
| (3) | (iii) | (ii) | (iv) | (i) |
| (4) | (ii) | (i) | (iii) | (iv) |

**43.** બન્ને યાદીની વિગતો સરખાવીને સાચાં જોડકાં બનાવો :

| | I | | II |
|---|---|---|---|
| (a) | ક્રોચે | (i) | જર્મની |
| (b) | પ્લેટો | (ii) | ફ્રાન્સ |
| (c) | રોલાં બાર્થ | (iii) | ગ્રીસ |
| (d) | સુસાન લેંગર | (iv) | ઈટાલી |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (i) | (ii) | (iii) | (iv) |
| (2) | (ii) | (iii) | (iv) | (i) |
| (3) | (iii) | (iv) | (i) | (ii) |
| (4) | (iv) | (iii) | (ii) | (i) |

**44.** બન્ને યાદીની વિગતો સરખાવીને સાચાં જોડકાં બનાવો :

| | I | | II |
|---|---|---|---|
| (a) | જત જર | (i) | તોટક |
| (b) | નભ ભર | (ii) | ભુજંગી |
| (c) | સસ સસ | (iii) | વંશસ્થ |
| (d) | યય યય | (iv) | દ્રુતવિલંબિત |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (i) | (iii) | (iv) | (ii) |
| (2) | (iii) | (iv) | (i) | (ii) |
| (3) | (iv) | (ii) | (iii) | (i) |
| (4) | (iii) | (i) | (ii) | (iv) |

45. બન્ને યાદીની વિગતો સરખાવીને સાચાં જોડકાં બનાવો :

| | I | | II |
|---|---|---|---|
| (a) | ननु शब्दार्थ काव्यम्। | (i) | ઉદ્‌ભટ |
| (b) | रसाद्यधिष्टितं काव्यं जीवदरूपतया यतः। | (ii) | વિશ્વનાથ |
| (c) | निर्दोषगुणालंकार रसदद्वाक्यं काव्यम्। | (iii) | રુદ્રટ |
| (d) | काव्यं वाक्यं रसात्मकम्। | (iv) | ભોજ |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (iii) | (iv) | (ii) | (i) |
| (2) | (iv) | (iii) | (i) | (ii) |
| (3) | (iii) | (i) | (iv) | (ii) |
| (4) | (i) | (ii) | (iv) | (iii) |

કાવ્ય વાંચી નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરોમાંથી યોગ્ય ઉત્તર પસંદ કરો.

બળેલાં ખંડેરે મૃત સમયનું પ્રેત ભટકે,
સૂતેલાં વૃક્ષોથી તિમિરનભના હાથ લટકે,
હવાથી થીજેલા સરવરતણું મૌન ઘટતું,
ઢળેલી પાળીને જળ અડકતાં ઘાસ હસતું.
અસુરી છાયાઓ ભડભદ્ર બાયે જાય, કણસે,
છળેલી આંખોમાં ભય પ્રસરતાં હોઠ ફફડે,
બખોલે ભીંતોની કિચવિચ કરે કાળ પડઘાં,
ઉઘાડાં દ્વારોમાં જડ, લટકતાં લાલ મડદાં.
ખરેલાં પાનોમાં ખિલખિલ કરી કોઈ હસતું,
સવાલે મૂંઝાતોઃ 'તિમિરઘરમાં કોણ વસતું ?'
ન હું જાણું શાથી નયન ફરકે સાંજ ઢળતાં ?
બળેલાં ખંડેરો તરફ હળવે પાય વધતા,
લપાતી છાયાઓ સમયવનમાં સાદ દઈને,
મને એ બોલાવે ગત જનમનું નામ લઈને.

46. કાવ્યમાં કયા રસનું નિરૂપણ છે ?

(1) બીભત્સ (2) રૌદ્ર (3) ભયાનક (4) કરુણ

47. સમગ્ર કાવ્યમાં કયા એક અલંકારનું પ્રાધાન્ય છે ?

(1) અતિશયોક્તિ (2) ભ્રાંતિમાન (3) સસંદોહ (4) રૂપક

48. કાવ્યનો છંદ કયો છે ?

(1) શિખરિણી (2) હરિણી (3) મંદાક્રાંતા (4) પૃથ્વી

49. કાવ્યનો પ્રકાર કયો છે ?

(1) કરુણપ્રશસ્તિ
(2) પેટ્રાર્કશાઈ સૉનેટ
(3) મિલ્ટોનિક સૉનેટ
(4) શેક્સપિરીઅન સૉનેટ

50. કાવ્યની પ્રથમ આઠ પંક્તિની પ્રાસયોજના કયા પ્રકારની છે ?

(1) ABBA ABBA
(2) ABAB ABAB
(3) AABB AACC
(4) AAAA BBBB

- o 0 o -

**Space For Rough Work**